સુવિચાર

આખુ વર્ષ સ્કૂલે જાય અને પરીક્ષા વખતે ન જાય તે આખું વર્ષ સ્કૂલે નહીં ગયા સમાન છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૧૦/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ આસો વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૨૬૭


### નાગનાથ મંદિરની પાછળનાં રોડ પર રહેતા

## અમરેલીનાં આશાસ્પદ યુવકે પરીક્ષામાં કોપી કેસ થતાં ઝેર પી લેતા અરેરાટી


અમરેલી, તા. ૩૦, અમરેલીની એલઆઈસી ઓફિસ પાસે રહેતા નિરવ હિરેનભાઈ દવે નામના ૨૦ વર્ષિય યુવકની પરીક્ષા હોય અને આ પરીક્ષા દરમિયાન જ તેના ઉપર કોપી કેસ થતાં પોતાનું એક વર્ષ બગડશે. તેથી લાગી આવતા પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી જતાં તેમનું મોત થયાનું સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અમરેલીમાં આજે સરદાર પટેલની જન્મ જયંતિએ લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિશાળ બાઈક રેલી યોજાશે

### શહેરનાં તમામ નાગરિકોએ જોડાવવા અનુરોધ થયો

અમરેલી, તા. ૩૦

શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલી ધ્વારા આયોજિત આવતીકાલ મંગળવારનાં રોજ સવારે ૮:૪૫ કલાકે મોટા બસ સ્ટેશન, શીતલ આઈસ્ક્રીમ પાર્લરથી શરૂ થઈને રાજકમલ ચોક, નાગનાથ મંદિર, શ્રી ભોજલરામ મંદિર થઈ સરદાર સર્કલ સુધી શ્રી લેઉવા પટેલ સમાજ ધ્વારા એક વિશાળ મોટર સાયકલ બાઈક રેલીનું આયોજન લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા ખૂબ જ ઉમળકાભેર થયેલું હોય. તો આ બાઈક રેલીમાં અમરેલી શહેરના લેઉવા પટેલ જ્ઞાતિના જ્ઞાતિબંધુ તેમજ સમગ્ર અમરેલી શહેરનાં સમાજ શ્રેષ્ઠીઓ તેમજ દરેક જ્ઞાતિને તેમજ



વેપારી મહામંડળને તેમજ અમરેલી પ્રજાજનોને ખૂબ જ ભાવભર્યુ શ્રી લેઉવા પટેલ જ્ઞાતિનું હાર્દિક આમંત્રણ છે. આપણે સૌ સાથે મળીને આપણી અખંડતા અને એકતાની શકિત સાથે સરદાર પટેલની જન્મજયંતિ


અનુસંધાન પાના ૬ ઉપર












અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭


















### પીજીવીસીએલની બેદરકારી પ્રકાશમાં આવી

# સાવરકુંડલાનાં આંબરડીમાં રહેણાંક મકાન પરથી પસાર થતી ૧૧ કે.વી. લાઈનનો તાર યુવકને અડી ગયો

## જિલ્લા પંચાયતનાં સદસ્ય શરદભાઈ ગોદાનીની રજૂઆત



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૩૦

સાવરકુંડલાના આંબરડી ગામના ૨૫ વર્ષીય મેહુલ ભાદાભાઈ કાલેના (સગર) કડિયા કામ કરતો યુવક બજાર કાંઠે ચાલી રહેલ એક મકાનમાં ધાબા ઉપર કામ કરી રહ્યો હતો. ત્યારે પાલખ ફેરવતી વેળાએ ઉપર લટકતો ૧૧ કે.વી. લાઈનનો તાર ૩ ફૂટ દૂરથી ખેંચી લેતા યુવક ૧૦ ફૂટ ફેંકાઈ ગયો હતો. યુવક ઘા થઈ જતાં બેભાન થઈ જતાં હાજર લોકો સ્તબ્ધ બની ગયા હતા. લોકો દ્વારા યુવકને તાત્કાલિક ૧૦૮ મારફત સાવરકુંડલા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. સદનસીબે યુવકનો જીવ બચી ગયો હતો પરંતુ ગામ વચ્ચે અને તે પણ રહેણાંકી મકાનો ઉપરથી પીજીવીસીએલ દ્વારા ૧૧ કે.વી.ની ભયંકર અને જોખમી લાઈન પસાર કરવામાં આવેલ છે. જે તાત્કાલિક ગામમાંથી હટાવી અને અન્ય રસ્તેથી પસાર કરે તો ભવિષ્યમાં કોઈ જાનહાનિ થાય તે પહેલાં વીજતંત્ર આ બાબતે ગંભીરતા દાખવી લટકતા મોતના તારને હટાવી લે તેવી આંબરડી ગ્રામજનોમાં તીવ્ર માંગ ઉઠવા પામતા જિલ્લા પંચાયતના સદસ્ય શરદભાઈ ગોદાની દ્વારા ઉચ્ચ અધિકારીઓને આ મામલે રજૂઆત કરતા હાલ તો વીજ વિભાગની ટીમમાં દોડધામ શરૂ થઈ છે.

### ગજેરાપરા વિસ્તારનાં વયોવૃધ્ધ નાગરિકે મુખ્યમંત્રીને રજૂઆત કરી

# અમરેલીમાં રહેણાંકી વિસ્તારોમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓથી સ્થાનિકોનાં સુખ–ચેનમાં ખલેલ

## રહેણાંક વિસ્તારની સમસ્યા દૂર ન થાય તો ભૂખ હડતાલની ચીમકી

અમરેલી, તા. ૩૦

અમરેલીનાં ગજેરાપરામાં રહેતા નિવૃત્ત શિક્ષક રવજીભાઈ પાતળિયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગજેરાપરા ખાતે જમીન નં ચિ.જમનઃ ૧:૨૪૦ ૪:૭૯ તા. ૧૨–૭૯ના હુકમથી ફકત રહેણાંક હેતુ માટે ફાળવવામાં આવેલ છે. રહેણાંક મિલ્કત અવાર–નવાર કોમર્શિયલ હેતુ માટે ભાડે આપે છે. હાલમાં ભંગારનાં ડેલા માટે ભાડે આપેલ છે. આ ભંગારનાં ડેલામાં બિનજરૂરી કચરો ભેગો થવાથી વાતાવરણ પ્રદુષિત થાય છે તેમજ લોખંડ, પતરા, લાકડા વિગેરેને તોડવામાં આવે છે તેથી બિનજરૂરી અવાજ ઉત્પન્ન થતો હોય તેથી અમો અને અમારા પરિવારને માનસિક ત્રાસ રહે છે.

તેમજ ભંગાર વહેંચવા વાળા લોકો પોતાના વાહન અને લારીઓ રોડ પર રાખે છે તેમજ ભંગાર લેવા માટે પણ મોટા વાહનોની અવર–જવર રહે છે અને કલાકો સુધી રોડ પર તેમના વાહનો પાર્ક કરવામાં આવે છે. તેથી આ વિસ્તારનાં રહિશોને અવર જવર કરવામાં મુશ્કેલી થતી હોય છે. તેમજ મારા પુત્ર ધ્વારા આ ભંગારનો ડેલો બંધ કરાવવા બાબતે તા. ૧૯/૬/૨૦૨૩ અને તા. ૧૭/૮/૨૦૨૩ તેમજ તા. ૨૫/૮/૨૦૨૩નાં રોજ લેખિત રજૂઆત કરવામાં આવેલ છે પરંતુ આજદીન સુધી કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવેલ નથી કે કોઈપણ જાતનો પ્રત્યુતર આપવામાં આવેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, સર્વોચ્ચ અદાલતે રિટ પિટીશન (સિવીલ) નં. ૪૬૭૭ તા. ૧૬/૨/૨૦૦૬નાં ચુકાદામાં જણાવેલ છે કે, કોઈ એવા વિસ્તારના સંદર્ભમાં જયાં સૂચિત/નિર્દિષ્ટ જમીનનો ઉપયોગ રહેણાંક છે, વ્યાપારી ઈમારતના નિર્માણ માટે મંજૂરી આપી શકાતી નથી.

નગરપાલિકાના ટાઉન પ્લાનીંગ મુજબ આ વિસ્તાર રહેણાંક વિસ્તાર તરીકે ફાળવેલ હોય તેમજ લેઆઉટ પ્લાનમાં પણ આ વિસ્તાર રહેણાંક માટે ફાળવેલ હોય. જેથી આ ભંગારનો ડેલો ખાલી કરવામાં ન આવે તેને સિલ કરવા માંગણી છે. આ અગાઉ તત્કાલીન કલેકટરે સુચના આપેલ કે ફર્નિચર ઉદ્યોગ ત્રણ (૩) દિવસમાં બંધ કરવામાં ન આવે તો મિલ્કત સિલ કરવા જણાવેલ.

આવા બિન જરૂરી ઘોંઘાટથી અમારે અમારૂ વૃધ્ધ જીવન જીવવું મુશ્કેલ થયેલ છે. સુપ્રિમ કોર્ટે ભારતના બંધારણ આર્ટીકલ ૨૧ હેઠળ અવાજ પ્રદુષણ મુકત વાતાવરણમાં રહેવાનો અધિકાર આપેલ છે તેનું પણ ઉલ્લંઘન થતું હોય અને આવા બિનજરૂરી અવાજથી અમોને માનસિક ત્રાસ થતો હોય આ અરજી મળ્યેથી તાત્કાલીક બંધ કરવા માંગણી છે.

હાલ હું નિવૃત્ત શિક્ષક તરીકે મારૂ જીવન પસાર કરૂ છું, મારી ઉંમર ૮૯ વર્ષ છે અને મારા પત્નીની ઉંમર ૮૫ વર્ષ છે. અન્યથા આ ઉંમરે મારે અને મારા પત્નીને પૂ. ગાંધીજીએ બતાવેલ માર્ગે આપની કચેરી સામે ભૂખ હડતાલ પર બેસવાની ફરજ પડશે. આ બાબતે અમોને કંઈપણ થશે તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેમ અંતમાં જણાવેલ છે.

### અમરેલી નજીક આવેલ

# નાના માચીયાળા ગામે રહેતા વૃધ્ધાએ માનસિક બીમારીથી કંટાળી અગ્નિસ્નાન કર્યુ

## છેલ્લા ૧૦ વર્ષથી માનસિક બીમાર રહેતા હતા

અમરેલી, તા. ૩૦, અમરેલી તાલુકાનાં નાના માચીયાળા ગામે રહેતા ભારતીબેન ગોવિંદરાવ ત્રિવેદી નામનાં ૬૩ વર્ષિય વૃધ્ધ ૧૦ વર્ષથી માનસિક બીમાર રહેતા હોય અને આ બીમારીનાં કારણે તેઓ અવાર–નવાર મરી જવાનું કહેતા હોય. તા. ૨૯નાં રોજ પોતાના ઘરે શરીર ઉપર કેરોસીન છાંટી અને દિવાસળી ચાંપી દઈ અગ્નિસ્નાન કરી લેતા વૃધ્ધાનું સારવાર દરમિયાન મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સાવચેતી એજ સમજદારી અંતર્ગત

# ધારીમાં પંથકમાં વન્ય પ્રાણી સિંહ, દીપડાથી સાવધાન રહેવા જાગૃતિ ઉભી થઈ

## ૧૩૦ જેટલા ગામોમાં પોસ્ટર, ભીંતચિત્રો સહિતની કામગીરી થઈ





અમરેલી, તા. ૩૦

આગામી દિવાળીના તહેવારો હોય, ત્યારે દિવાળીની રજાઓમાં જિલ્લાના વતની અને બહાર ગામ વસવાટ કરતાં લોકો વતનમાં આવતાં હોય છે ત્યારે કેટલાંક લોકો દ્વારા વન્ય પ્રાણી સિંહોની કનડગત, હેરાનગતી,પજવણીના થાય તથા દીપડા જેવા પ્રાણીઓથી કેવી રીતે સાવધાન રહેવું તે અંગેની જાગૃતિ લાવવા માટે થઈને વનવિભાગ દ્વારા સાવચેતી એજ સમજદારી અંતર્ગત જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમની કવાયત છેલ્લા એક વર્ષથી શરૂ કરેલ છે.

આ કાર્યક્રમ અંગે ધારી ગીરના ડી.એફ.ઓ. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું છે કે, છેલ્લા એક વર્ષથી "સાવચેતી એ જ સમજદારી" કાર્યક્રમ અંતર્ગત ગીરકાંઠાના ગામડાઓમાં વસતાં ખેડૂતો, ખેત મજદૂરો, પશુપાલકોને વન્યપ્રાણીઓ અને તેમાં ખાસ દીપડાથી કેવી રીતે સાવધાન રહેવું તે અંગે જાગૃતિ લાવવા માટે વનવિભાગ દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવી રહયો છે. અને ધારી ગીર પૂર્વ અને રેવન્યુ વિસ્તારોના ૧૩૦ ગામડાઓમાં જાગૃતિ લાવવા માટે વનવિભાગે રૂબરૂ, પોસ્ટરો, ભીંત ચિત્રો, સમાચાર પત્રો તથા સોશિયલ મીડિયાના માધ્યમથી જાગૃતિ લાવવાનો ખાસ વનવિભાગનો પ્રયાસ કર્યો છે.

### મધ્યપ્રદેશમાંથી પોલીસે દબોચી લીધો

# વડિયા : પાંચ વર્ષથી ચોરીનાં ગુન્હામાં ફરાર આરોપી ઝડપાયો

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી



અમરેલી, તા. ૩૦

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે વડીયા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૩૨/૨૦૧૭, આઈ.પી.સી. કલમ– ૪૫૭, ૩૮૦ મુજબના બનાવમાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપી રણજીત કમન અનારે અંગે તપાસ તજવીજ કરી, આ કામના અધુરા નામ સરનામા વાળા આરોપી અંગે ટેકનીકલ સોર્સ અને બાતમીરાહે હકિકત મેળવી, છેલ્લા પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપી રણજીત કમન અનારેને મધ્યપ્રદેશ રાજયના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકા વિસ્તારમાંથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ વડીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ઓસ્ટ્રેલિયા લગ્ન કર્યા અને થયા પરેશાન

# બગસરાનાં ગોકુળપરામાં રહેતા તૃપ્તીબેન દુધાતને સાસરીયાનો ત્રાસ

## અમરેલીનાં યુવક સાથે લગ્ન થયાને મુશ્કેલી વધી

અમરેલી, તા.૩૦

બગસરાના ગોકુળપરા, જેતપુર રોડ, ઉપર રહેતા તૃપ્તીબેન તેજશભાઈ દુધાત તે ડો/ઓ કિશોરભાઈ મનજીભાઈ પટોળીયાના લગ્ન આજથી અગીયારેક મહિના પહેલા તેજશભાઈ રમેશભાઈ દુધાત રહે. હાલ ઓસ્ટ્રેલીયા, મેલબોર્ન રહે. આનંદનગર, સ્ટ્રીટ નં. ૭, સંકુલ પાસે અમરેલી સાથે થયેલ છે અને થોડો સમય તેણીને સાસરીયામાં સારી રીતે રાખેલ અને ત્યાર બાદ તેણીના પતિ તેજશભાઈ રમેશભાઈ દુધાત, તેણીના સાસુ હંસાબેન રમેશભાઈ દુધાત તથા મારા સસરા રમેશભાઈ રામજીભાઈ દુધાત હાલ રહે. અમરેલી તથા મામાજી ઘનશ્યામભાઈ અરજણભાઈ કથીરીયા રહે. અમરેલી તથા ચતુરભાઈ અરજણભાઈ કથીરીયા રહે. ગોખરવાળા તથા મામીજી કંચનબેન ઘનશ્યામભાઈ કથીરીયા રહે. અમરેલી તથા કાકાજી સસરા ચંપકભાઈ રામજીભાઈ દુધાત તથા કાકીજી દયાબેન ચંપકભાઈ દુધાત રહે. બન્ને હાલ અમદાવાદ મુળ રહે. તરકતળાવએ તેણીને કરીયાવર બાબતે મેણાટોણા બોલી શારીરિક તથા માનસીક દુઃખ ત્રાસ આપી અવાર નવાર કરીયાવરના પૈસાની માંગણી કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### ધારી નજીક આવેલ

# ખીસરી ગામે ખેતરનાં મકાનમાં રહેલ ૫ મણ મગફળી તસ્કરો ચોરી ગયા

## રૂા. ૬ હજારનાં મુદ્દામાલની ચોરીની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૩૦

ધારી તાલુકાનાં ત્રંબકપુર ગામે રહેતા ચંદુભાઈ ઘુસાભાઈ વેકરીયા નામનાં ૬૨ વર્ષિય વૃધ્ધ ખેડૂતની માલીકીની ખીસરી ગામતળ માં આવેલ ખેતીની જમીનનાં મકાનનાં ફળીયામાં પડેલ મગફળીનાં ઢગલામાંથી કોઈ અજાણ્યો ચોર ઈસમ પાંચેક મણ જેટલી મગફળી કિંમત રૂા. ૬૦૦૦ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાઈ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીની જહેમતથી

# ભૈ વાહ : તરવડાથી વાંકિયા માર્ગ સુધી જંગલ કટીંગનું કામ શરૂ

## સમગ્ર પંથકનાં વાહન ચાલકોમાં રાહત થઈ

અમરેલી, તા.૩૦

તરવડાથી વાંકિયા રોડમાં છેલ્લા ઘણા સમયથી ગાંડા બાવળ રોડ ઉપર આવી ગયા હતા. જેને લીધે વાહન ચાલકોને વાહન ચલાવવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. અને અવાર–નવાર અકસ્માત થવાનો ભય પણ રહેલો હતો. આ રોકડની બાજુમાં જ ખોડીયાર સિંચાઈ યોજનાની મુખ્ય કેનાલ પણ આવેલી છે.અને આ રોડ સીંગલ પટ્ટીનો હોય અને ગાંડા બાવળ અડધા રોડ ઉપર આવી ગયેલ હોય જેને લીધે વાહન ચાલકોને વાહન તારવવાનું પણ મુશ્કેલ બની ગયું હતું. લોકોને પડતી મુશ્કેલીઓની ગંભીરતા સમજીને તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ માર્ગ અને મકાન વિભાગ જિલ્લા પંચાયતનાં કાર્યપાલક ઈજનેરને રજુઆત કરતા કાર્યપાલક ઈજનેર બે દિવસમાં ગાંડા બાવળ કાઢવાની ખાતરી આપી હતી. જે બદલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરી વહીવટી તંત્રનો આભાર વ્યકત કર્યો છે.

# અમરેલીની તપોવનની ભુમિ પર બહેરા–મુંગા શાળા અને કન્યા શાળાનાં બાળકો દ્વારા ગાયત્રીયજ્ઞ યોજાયો









સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા આયોજીત સારહી તપોવન આશ્રમ ખોત શરદ પુનમનાં પવિત્ર દિવસે તા.૨૮/૧૦/૨૦૨૩ના રોજ ૨૪ કુંડી ગાયત્રી યજ્ઞ યોજાયેલ જેમાં સારહી પરિવારનાં સભ્યઓ, બહેરા – મુંગા શાળા અને અંધ કન્યા નાં બાળકો યજ્ઞમાં આહુતિ આપેલ નિરાધારનો આધાર સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા–લોક સેવક મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર તપોવન આશ્રમનું નિર્માણ ન થાય ત્યાં સુધી ગાયત્રી યજ્ઞ યોજવામાં આવશે. આ અવસરે ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, ડાયરેકટર દાદબાપુ વરૂ, મગનભાઈ ભાદાણી, બાબુભાઈ સખવાલા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ ધીરૂભાઈ વાળા, જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિનાં ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયા, પ્રવિણભાઈ કસવાલા, ધારી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મહામંત્રી રાજેશભાઈ માંગરોલિયા, નગરપાલિકાનાં પૂર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ સેખવા, શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી, ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, દિલીપભાઈ સંઘાણીનાં પી.એ. રૂજુલભાઈ ગોંડલીયા, અમર ડેરી જનરલ મેનેજર ધર્મિકભાઈ રામાણી, સહિતનાં ધાર્મિક સામાજિક, શૈક્ષણિક, સહકારી સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા. તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

## અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વ્યથા પત્ર પાઠવ્યો

# રાજયમાં ચાલતી ગેરકાયદેસરની તમામ પ્રવૃત્તિઓ બંધ કરાવો

**નકલી દૂધ, ઘી, પનીરની નદીઓ વહી રહી છે અન્ય ખાદ્ય સામગ્રીમાં પણ વ્યાપક પ્રમાણમાં ભેળસેળ**


**નકલી સરકારી અધિકારીઓ, સરકારી કચેરીઓનાં કારનામા પણ ક્રમશઃ બહાર આવી રહ્યા છે**

**અમરેલી જિલ્લામાં ગેરકાયદેસરરીતે રેતી ચોરી, પવનચકકીઓનો ધમધમાટ પણ જોવા મળી રહ્યો છે**

**મહાત્મા ગાંધી અને સરદાર પટેલની પવિત્ર ભૂમિને ગુનાહિત પ્રવૃત્તિથી મુકિત અપાવવા માંગ કરી**

અમરેલી, તા. ૩૦

અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વ્યથા પત્ર પાઠવેલ છે.



પત્રમાં જણાવેલ છે કે, નકલી ઘી, દુધ, પનીર તેમજ અનેક નકલી ખાદ્ય, નકલી પ્રવૃત્તિનો વેપાર ડ્રગ્સ, દારૂ, લટ્ઠો, નકલી અધિકારી, નકલી ઓફિસ, નકલી લોકો તેમજ મોટા ઉદ્યોગોનાં નામે નકલી ઉદ્યોગકારો અને બેંકનાં રૂપિયા ચાંઉ કરીને ભાગી જનારા નકલી લોકોનું પ્રમાણ વધ્યું છે. અમરેલી જિલ્લામાં ઉદ્યોગોના નામે પવનચકકી ખેડુતોની ફળ દ્રુપ જમીન અને વિસ્તારમાં જીવન દુષ્કર બનાવ્યું છે. પરિણામ શુન્ય છે. અમરેલી જિલ્લામાં ગુજરાતમાં મોંઘી રેતી, અધિકારીઓમાં હપ્તાખોરી અને કરપ્શન વધતુ જાય છે. બહેન– દીકરીઓની સલામતી જોખમાતી જાય છે, ખેડુતો તેમજ મધ્યમવર્ગનાં લોકો આત્મવિલોપન કરી રહયાં છે, સૌરાષ્ટ્ર સાથે જોડાયેલા સુરતમાં ૭ લોકોએ આત્મવિલોપન કર્યુ છે, રૂલિંગ પાર્ટીના ચુંટાયેલા પદાધિકારીઓ ધાક–ધમકી જમાવી દાદાગીરી કરી રહયાં છે, અમરેલીના ત્રણ ત્રણ ટર્મથી ચુંટાયેલા સાંસદની અનેક ફરિયાદો ઉભી થઈ છે, ચુંટાયેલા ધારાસભ્યો પણ ધર્મ અને જાતિના નામે વાણી વિલાસ કરી રહયાં છે, લોકો ઉપર ભય અને ડર પેદા કરી રહયાં છે.



વધુમાં જણાવેલ છે કે, દેશના પૂર્વ વડાપ્રધાન રાજીવગાંધીએ રામનાં વિચારો સાથે હિન્દુસ્તાનનાં લોકો જોડાઈ તે માટે રામાનંદ સાગરની રામાયણમાં પ્રસારણ માટેની મંજુરી ૧૯૮૫ માં આપી હતી અને રામાયણ ભારત દેશનાં લોકોએ જોઈ અને વિચારો પ્રસ્થાપિત કરવા માટે વિચારો કર્યા હતા. ૧૯૮૬માં સ્વ. રાજીવ ગાંધીએ ઉતરપ્રદેશના મુખ્યમંત્રીને મનાવીને રામ મંદિરના દરવાજા ખોલ્યા હતાં.૧૯૮૯ માં પોતાનાં ચુંટણી પ્રચારમાં સરકાર બનશે તો રામ મંદિર બનાવવા નિર્ધાર કર્યો હતો. ટીવી રામાયણ પ્રસિધ્ધ કરાવી દેશમાં ખુબ સફળતા મળી હતી તે કલાકારો સાથે રાજીવ ગાંધીએ ભોજન પણ કર્યુ હતુ.

સુપ્રિમ કોર્ટમાં કેસ લંબીત હોય તે સમયે કદાચ રામ મંદિર બનાવી શકયા ન હતાં પરંતુ આપના ૧૦ વર્ષના શાસન બાદ અયોધ્યામાં રામ મંદિરનું પ્રસ્થાપિત થાય તે માટેના ચક્રો ગતિમાન થઈ ચુકયા છે. પરંતુ આ દેશની લોકશાહીમાં જેનો મહત્વનો ફાળો છે તેવા ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર પટેલનાં સિધ્ધાંતો સાથેનું ગુજરાત બન્યું છે કે કેમ તે બાબતની વિચારણા માંગી રહી છે. ગુજરાત રાજયમાં બદીઓ વધતી જાય છે, ખોટા કામ કરનાર લોકોનું પ્રભુત્વ વધતું જાય છે ત્યારે ઉપરોકત બાબતે વર્ણાવી છે તે તમામ બાબત પર ધ્યાન કેન્દ્રીત કરવું એક જાહેર જીવનનાં આગેવાન તરીકે મને લાગી રહયું છે. તેમ અંતમાં જણાવેલ છે.

## સાવરકુંડલામાં કેબલ વાયર ચોરીનાં ગુન્હાનો ભેદ ઉકેલતી પોલીસ



અમરેલી, તા. ૩૦

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે મિલ્કત સબંધી ગુન્હાઓ ડીટેકટ કરવાં સુચના આપેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેકટર.એસ.એમ. સોનીની સુચના માર્ગદર્શન હેઠળ ચોક્કસ બાતમી આધારે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટાફ દ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૨૨૩૦૪૦૩/૨૦૨૩, આઈ.પી.સી. કલમ ૩૭૯, ૪૪૭, ૧૧૪ મુજબના ગુન્હાના કામે આરોપી મુનાભાઈ ઉર્ફે બાલો ઉકાભાઈ ચુડાસમાં તથા અજયભાઈ અરવિંદભાઈ સુડાયમા, રહે.બન્ને બાઢડા, (તા. સાવરકુંડલા) વાળાઓને ચોરીમાં ગયેલ કેબલ વાયર સાથે પકડી અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

### ખાંભા નજીક આવેલ

## તાતણીયા ગામે પ્રેમી સાથે લગ્ન શકય નહી બનતા યુવતીએ ગળાફાંસો ખાધો

**યુવતીની પણ સગાઈ થઈ ગઈ હતી : પ્રેમીનાં લગ્ન થઈ ગયા હતા**

અમરેલી, તા. ૩૦

ખાંભા તાલુકાનાં તાતણીયા ગામે રહેતી જયશ્રીબેન ભોળાભાઈ સોલંકી નામની ૨૦ વર્ષિય યુવતીને છેલ્લા ત્રણેક વર્ષથી મુળ ખાંભા તાલુકાનાં ભાણીયા ગામનાં વતની અને હાલ સુરત ગામે રહેતા અશ્વિનભાઈ ગોહિલ સાથે પ્રેમસબંધ હોય. યુવતીની પણ સગાઈ થઈ ગયેલ હોય જયારે પ્રેમ અશ્વિનભાઈનાં પણ લગ્ન થઈ ગયા હોય. જેથી આ બન્ને લગ્ન હવે શકય ન હોય જેથી આ વાતનું યુવતીને લાગી આવતા તા. ૨૯નાં રોજ પોતાના ઘરે લોખંડની આડી સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયાનું ખાંભા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જગતાત ગણાતા ખેડૂતોને પરેશાની આપવી યોગ્ય નથી

## બાબરા : પીજીવીસીએલની જોહુકમી સામે કિસાન સંઘે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

**ખેડૂતોને આડેધડ દંડ ન ફટકારવા માંગ કરી**

બાબરા, તા. ૩૦

બાબરાનાં કિસાન સંઘના આગેવાનોએ પીજીવીસીએલની કાર્યશૈલીથી નારાજ થઈને મામલતદારને આવેદપત્ર પાઠવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, પીજીવીસીએલ દ્વારા ખેડૂતોને મનઘડત રીતે રૂપિયા ૧૫ હજારથી લઈને એક લાખ સુધીનો દંડ ફટકારવામાં આવેલ છે તેમજ સૌની યોજનાનું પાણી સિંચાઈ માટે પાણી આપવા સહિતની માંગ કરવામાં આવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

































# અમરેલીમાં અમરડેરી ખાતે શરદોત્સવ મિલ્ક–ડે માં ખેલૈયાઓએ ધરતીને ધ્રુજાવી



અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા અને મુકેશભાઈ સંઘાણી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શરતોત્સવ મિલ્ક ડે ખેડૂતો, પશુપાલકો અને ખેલૈયાઓ માટે ભવ્ય આયોજન સૌ કોઈ મન મૂકીને રાસ ગરબા લઈ શકે તેવું આયોજન કરવામાં આવેલ. અમર ડેરીનાં સ્થાપક ચેરમેન અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી દ્વારા અમરેલી જિલ્લા માટે એક ખુબ જ અગત્યની જાહેરાત કરવામાં આવેલ જેમાં શુન્ય થી આઠ વર્ષ સુધીનાં બાળ કોમાં ટાઈપ વન ડાયાબિટીસ હોય છે. તેમનાં માટે સામાજિક આગેવાન સ્વર્ગસ્થ ચંદુભાઈ સંઘાણી દ્વારા ચાલતું સેવા ટ્રસ્ટને ફરી બેઠું કરી તેમનાં માધ્યમથી જિલ્લાનાં લોકોને ટાઈપ વન ડાયાબિટીસથી જે પીડાય છે. તેમનાં માટે અમેરિકાથી આવેલા ડો. સ્મિતાબેન જોશી અને ડો. શુકલાબેન રાવળ દ્વારા જે નવા સંશોધનો કરવામાં આવેલ છે. અને તે સંશોધનને આધીન શુન્યથી આઠ વર્ષનાં બાળકોને આ અંગે કેવી રીતે બીમારીમાંથી નિવારી શકાય એ માટે સેવા ટ્રસ્ટનાં માધ્યમથી મદદરૂપ થવા માટેની જાહેરાત દિલીપભાઈ સંઘાણી દ્વારા કરવામાં આવેલ તેમજ ડેરી દ્વારા આઈસ્ક્રીમ પ્લાન્ટ અને સેન્ટર ઓફ એકસલન્સ માટે લોકોને માહિતી પુરી પાડેલ. તેમજ અમેરિકાથી આવેલ ડો.સ્મિતાબેન જોશી દ્વારા શુન્ય થી આઠ વર્ષનાં બાળ કો ડાયાબિટીશમા કેવી કેવી તકલીફ પડતી હોય છે તે નાગે માહિત ગાર કરેલ અને તેમની સંવેદના વિકટ કરેલ, સાંસદ નારણભાઈ કાછડિયાએ અમર ડેરીને આવું ભવ્ય આયોજન બદલ અભિનંદન આપેલ. અમર ડેરી નવા પ્લાન્ટ ખાતે યોજાયેલ શરદોત્સવ મિલ્ક–ડે માં શરદપુનમની આ રઢીયાળી રાતે પશુપાલકો ખેડૂતો અને ખેલૈયાઓ દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવવામાં આવેલ તેમજ ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવા આખરમાં ઈનામ વિતરણ કરવામાં આવ્યું આવેલ આ ભવ્ય શરદોત્સવ મિલ્ક ડે માં ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, બોટાદ ડેરીનાં ચેરમેન ભોળાભાઈ જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપનાં પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, ધારાસભ્ય જે.વી.કાકડિયા, મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, પુર્વ ધારાસભ્ય નલિનભાઈ કોટડીયા, ડેરીનાં એમડી ડો.આર.એસ.પટેલ, મેનેજર ધાર્મિકભાઈ રામાણી, પ્રવિણભાઈ માંગરોળીયા, ગુજકોમાસનનાં સીઈઓ દિનેશભાઈ સુથાર, ઈફકોનાં સ્ટેટ માર્કેટિંગ મેનેજર નિગમભાઈ ગજેરા, નાફેડના સ્ટેજ મેનેજર શ્રીવાસ્તવજી સહિત સામાજિક રાજકીય અને સહકારી આગેવાનો અને અધિકારીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ અને બોહોળી સંખ્યામાં પશુપાલકો ખેડૂતોને ખેલૈયાઓ આ કાર્યક્રમનો લાભ લીધેલ તેવું અમર ડેરીની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# સાવરકુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની મુલાકાતે ડો.કાનાબાર અને તેમની 24x7 ટીમ






સાવરકુંડલાની અમૂલ્ય હોસ્પિટલ એટલે કે શ્રી વિદ્યાગુઢ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની મુલાકાતે અમરેલીથી ભારતીય જનતા પાર્ટીના દિગજ નેતા તેમજ તબીબી ક્ષેત્રે જેનું આગવું નામ છે તેમજ ૨૪/૭ કલબ ના સ્થાપક દ્વારા દર્દીના હમદર્દ બનેલી સંસ્થા ડો. કાનાબારસાહેબ તેમજ તેમના સાથી સભ્યોએ સાવરકુંડલા ખાતે શ્રીલલ્લુભાઈ શેઠ હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓને સાંત્વના પાઠવી હતી હોસ્પિટલના એડમીન ડોકટર પ્રકાશ કટારીયા સાહેબ તેમજ રાજુભાઈ બોરીસાગર સાથે રહી હોસ્પિટલનો પરિચય કરાવેલ. આ સમયે ડો. દવે સાહેબ એડવોકેટ ચેતન રાવલ, આયુર્વેદીક ડો. ભાવેશભાઈ મેહતા,આયુર્વેદ ડો.નીખીલેશ જાની, તેજસ્વિની કલબના આશાબેન દવે, ઓમ શાંતિ સરલાબેન દવે, રાજકોટથી જુલીબેન દોઢિયા, અજમેરા સ્કૂલના રાજુભાઈ કામદાર, નાગરિક બેંકના ડિરેકટર કમલેશ ગરણીયા, રેડક્રોસ વાલા આજુગિયા. સાદરાણી ભાઈ, બિપીન ગાંધી, ડીજી મહેતા, કે.પી. ભડકોલિયા, કિરણભાઈ નાંઢા, ટોમ અગ્રાવત, કિરીટ મિશ્રા . નયન જોશી, મિશ્રાજી, જોગીભાઈ, મન્સુર ગઢીયા, ખીમચંદભાઈ રામાણીભાઈ તથા દિનેશ વાઘેલા જોડાયા હતાં. આ ઉપરાંત સાવરકુંડલાના સમાજ સેવક હેમાંગભાઈ ગઢીયા, રામદેવસિંહ ગોહિલ, મહેન્દ્રભાઈ બગડા ખાસ ઉપસ્થિત રહેલ

### ના.મામલતદાર ભીંડી તથા ઉપાધ્યાયની બઢતી સાથે બદલી થતાં

## બગસરા : ચેમ્બર ઓફ કોમર્સ અને કરિયાણા એસોસિએશન દ્વારા સન્માન સમારોહ યોજાયો

### રશ્વિનભાઈ ડોડીઆ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં

બગસરા, તા.૩૦

બગસરા ચેમ્બર ઓફ કોમર્સ અને કરિયાણા એસોસિએશન દ્વારા બગસરામા નાયબ મામલતદાર તેમજ પ્રાંત ઓફિસના પ્રશાંતભાઈ ભીંડીની બઢતી સાથે બદલી થતા સન્માન સમારોહ યોજાયો હતો જેમાં બગસરાની જાહેર સંસ્થાઓ તેમજ રાજકીય સામાજિક કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી વિગતોનુસાર બગસરા પ્રાંત કચેરીમાં અને બગસરા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર પ્રશાંતભાઈ ભીંડી અને પુરવઠા નાયબ મામલતદાર ઉપાધ્યાયભાઈની બઢતી સાથે બદલી થતાં બગસરાની વેપારી સંસ્થાઓ ચેમ્બર ઓફ કોમર્સના કરિયાણા એસોસીએસન વેપારી મહામંડળ જેવી વેપારી સંસ્થાઓ તેમજ સહકારી ક્ષેત્રના આગેવાનો રાજકીય સામાજિક કાર્યકર્તાઓ બગસરા નૂતન સ્વામીનારાયણ મંદિરના લક્ષ્મિપ્રસાદ સ્વામીની હાજરીમાં સન્માન કાયકર્મ યોજાયો હતો જેમાં બગસરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પ્રકાશભાઈ રાણીગા કિરણા એસોસિએશનના પ્રમુખ દિનેશ હડિયલ તેમજ સહકાર ક્ષેત્રના આગેવાન રશ્મિનભાઈ ડોડીયા




તસ્વીર : સમીર વિરાણી-બગસરા


અનિલભાઈ વેકરીયા ડો.એસ.જી.કામળિયા મેમોરીયલ હોસ્પિટલના ડો.આનંદભાઈ કામળીયા ગિરિરાજ હોસ્પિટલ ના ડો.કે.આર.રાઠોડ બગસરા નાગરિક બેંકના વાઈસ ચેરમેન સૂરાણીભાઈ ડિરેકટર નાગભાઈ ધાધલ બગસરા લેઉવા પટેલ સમાજ ગોકુળપરા પ્રમુખ રમેશભાઈ સુવાગિયા સમસ્ત બ્રહ્મ સમાજ પ્રમુખ કિરીટભાઈ જોષી બગસરા મામલતદાર ઓફીસ નાયબ મામલતદાર તૃપ્તિબેન વઘાસિયાભાઈ સ્વાતિબેન તેમજકર્મચારીઓ પ્રાંત ઓફિસ કર્મચારીઓ બગસરા સામાજિક કાર્યકર્તા મહેશભાઈ વ્યાસ રાજેશભાઈ ધોરડા બગસરા પત્રકારો કિરીટભાઈ જીવાણી સમીર વિરાણી અશોક મણવર.રૂપેશ રૂપારેલીયા તેમજ અનુભાઈ ખોજા દિનેશભાઈ ખોજા રાજુભાઈ ગીડા મહેશભાઈ સરવૈયા વકીલ ગઢવિભાઈ સ્નેહી પરમાર સહિતના આગેવાનોએ બંને કર્મચારીઓ દ્વારા નિષ્ઠા પૂર્વક બજાવેલી કામગીરીને બિરદાવી અને સન્માનિત કર્યહતા આ કાર્યક્રમનું સંચાલન બગસરા ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ મંત્રી વિનુભાઈ ભરખડાએ કરેલ હતુ.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### ૩૧ ઓકટોબર

## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ અને વિશ્વ એકતા દિવસ નિમિતે કવિતા

### સરદાર તમે આવો ને....



સરદાર તમે આવોને.
માતૃભાષાને વિસરાવી અંગ્રેજીએ,
માને ઘેરેલાં વિદેશીઓને ભગાવો ને.
સરદાર તમે આવો ને.
ધર્મ, જાતિ, રાજયમાં વહેંચાયેલાં ભારતને ,
શિસ્ત,એકતા, મનોબળ નાં પાઠ ભણાવોને.
સરદાર તમે આવો ને
'યદા યદા હી ધર્મસ્ય' વચન ભુલ્યો નથી ને કાન?
લાખો દુર્યોધન ,શિખંડીઓને હરાવો ને.
સરદાર તમે આવો ને
મા ભારતી હવે છે અલગ બેડીઓ માં,
રાજમાર્ગ આઝાદીનો ફંટાયો કેડીઓ માં,
તમે હતાં ગૃહમંત્રી તો ગૃહશત્રુઓથી,
ભારત ની પ્રજાને બચાવો ને.
સરદાર તમે આવો ને.
સરદાર હતાં ને હોય એક જ,
'છોટે સરદાર' સ્વયંભૂ થયાં કેટલાંય.
'અસરકારક' સરદાર હોય એક જ,
'ખોટે સરદાર' બન્યાં પ્રપંચી કેટલાંય.
ચાણકય તમે, સાચાં ચંદ્રગૃપ્ત ને બનાવો ને.
સરદાર તમે આવો ને.
સામ-દામ-દંડ ભેદથી નીતિ કરી તમે ફૂટ,
લાલ આંખે, સત્યની શાખે તમે મીટાવી ફુટ,
ગાંધીજીનાં એક ઈશારે તમે ઠુકરાવ્યુ સિંહાસન,
સૌ પક્ષો રાષ્ટ્ર નાં, તમે રાજધર્મ નિભાવો ને.
સરદાર તમે આવો ને.
સ્ટેચ્યુ ઓફ યુનિટી સાંરુ, આવકાર્ય,
શિખ ઉંચાઈ તમારી પહોંચવુ અશકય.
તમારા નખ જેટલું વાસ્તવ જીવીને.
સરદાર તમે આવો ને
લોકશાહી અને જાત ને આપણે બચાવો ને.
સરદાર તમે આવો ને
૫૬૨ રજવાડાં એક કર્યા સરદારે,
૫૪૩ સાંસદો એક થઈ ને બતાવો ને.
સોમનાથ, જુનાગઢ, નિઝામ જેવાં ત્યારનાં પ્રશ્નો
હવે કેમ દરેક શેરીઓમાં?.. સમજાવો ને.
નેતાઓ મનોવૃતિ તમે બદલાવો ને.
સરદાર હવે તો તમે આવો ને...
સરદાર તમે આવો ને.

- મિતલ ખેતાણી (રાજકોટ) (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### ડો.કાનાબાર સહિતનાં સેવાભાવી આગેવાનો દ્વારા

## અમરેલી ખાતે શરૂ થયેલ દર્દીનાં હમદર્દ કાર્યક્રમ તમામ તાલુકા મથકોએ શરૂ થશે

### ઓકસફર્ડ સ્કુલ દ્વારા આર્થિક સહયોગ થયો

અમરેલી, તા.૩૦

હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓને તેમનાં સંગાઓને નાની મોટી ખાદ્ય સામગ્રી અને કેટલાંક સ્થળોએ તો ભોજન પહોંચાડવાનું કામ કરતી સેવાકીય સંસ્થાઓ સમગ્ર ગુજરાતમાં કામ કરી રહી છે. પરંતુ અમરેલીમાં ૨૪×૭ ગ્રૃપ દ્વારા તેની સોથ સાથે દર્દીઓ સોથ ભાવાત્મક સંબંધ ઉભો કરી તેને હુંફ અને સધિયારો આપવાનો એક નવીનતમ પ્રયોગ હાથ ધરાયો છે.

છેલ્લા કેટલાંક સમયથી અમરેલી રેડક્રોસ બ્લડ બેંકનાં ચેરમેન અને પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબાર અને તેમનાં સાથી કાર્યકરોની ટીમ દર રવિવારે અમરેલી સીવીલ હોસ્પિટલની મુલાકાત લે છે. આ મુલાકાત દરમ્યાન દર્દીઓમાં બિસ્કીટ, ફુટસ જેવી વસ્તુઓનું વિતરણ તો કરાય છે. પણ સાથે સાથે ૨૪×૭ ગ્રૃપનાં સદસ્યો બે બેની ટીમમાં અલગ અલગ વોર્ડમાં જાય છ અને દર્દીઓને જાણે તેમનાં નજીકના સગાં હોય તે રીતે લાગણીથી તેમનાં ખબર અંતર પુછે છે. તેમનાં પરિવાર વિષે અને તેમનાં રોગ અને સારવાર વિષે પુછપરછ કરે છે. અને આ સમગ્ર વિગત પોતાની ડાયરીમાં નોંધી લે છે. દર્દી અથવા તેમનાં સાથે આવેલ પરિવારનાં સદસ્યોનો ફોન નંબર લખી લે છે અને ત્યાર પછી દર બે ત્રણ દિવસે તેમને ફોન કરી તેમનાં ખબર અંતર પુછતા રહે છે. દર્દીની મુલાકાત લેનાર ૨૪×૭ ના મેમ્બરો પોતાનો નંબર પણ દર્દીને આપે છે. અને ગમે ત્યારે કાંઈપણ જરૂર પડે ત્યારે તેમનો સંપર્ક કરવા કહે છે. આમ આ સમગ્ર મુલાકાતનો મુળ હેતુ દર્દી સાથે ભાવાત્મક સંબંધ ઉભો કરવાનો અને અમરેલીમાં તેમની મદદ કરવા તૈયાર અન્ય લોકો પણ છે. તેવો




અહેસાસ કરાવવાનો છે. ૨૪×૭ ના મેમ્બરોનો અનુભવ છે. કે દર્દી સાથે આ રીતે લાગણીથી સંવાદ કરવાથી દર્દીને પણ સંધિયારો મળે છે. તેનો આત્મ વિશ્વાસ વધે છે. અને સરવાળે તેમનું મનોબળ મજબુત થાય છે. જે તેમને જલ્દી સાજા થવામાં મદદરૂપ થાય છે. ૨૪×૭ ગ્રૃપનાં મેમ્બરો અત્યાર સુધીમાં લગભગ ૧૫૦૦ જેટલા દર્દીઓને આ રીતે મળી ચુકયા છે. તેમની સીવીલ હોસ્પિટલની એક મુલાકાતમાં કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા પણ આવેલા અને તેમણે કહયું કે, 'તમારી આ પ્રવૃતિ અમરેલીને સમગ્ર રાજયમાં પ્રતિષ્ઠિા અપાવે તેવી છે.

ડો.ભરત કાનાબારે જણાવ્યું કે તેમની આ પ્રવૃતિથી પ્રભાવિત થઈ, અમરેલી જિલ્લાનાં અન્ય તાલુકામાં સ્થાનિક સેવાભાવી યુવાનોએ તેમનાં વિસ્તારમાં આ રીતે કામ કરવાની તૈયારી બતાવી છે. દિવાળી બાદ તાલુકાનાં અન્ય તાલુકા મંથકોએ પણ સ્થાનિક લોકોનાં સહકારથી આ અભિયાન ચાલુ થાય તેવા પ્રયત્નો કરીશું.

આ પ્રવૃતિમાં ઓકસસફર્ડ સ્કુલ દ્વારા રૂા.૧૧,૦૦૦ નું આર્થિક અનુદાન પ્રાપ્ત થયું છે. હાલ દર અઠવાડીએ દર્દીઓમાં બિસ્કીટ, ફળોના વિતરણ માટે સરેરાશ રૂા.૬,૦૦૦ જેટલો ખર્ચ આવે છે.

# અમરેલી ખાતે તપોવનની તપોભૂમિ ઉપર ABVP દ્વારા ગાયત્રીયજ્ઞ યોજાયો






સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા-લોકસેવક શ્રી મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમ નું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે યજ્ઞ કરવામાં આવે છે. તેમાં આજ રોજ તા.૨૭/૧૦/૨૦૨૩નાં રોજ દર્શભાઈ જોષી, કરણભાઈ જાની, આકાશભાઈ ગણાત્રા,ઈશાનભાઈ વ્યાસ, જીતભાઈ કાબરિયા,કિશનભાઈ ચુવડા, જયભાઈ વિઠલાણી સહિત ABVP પરિવાર ને ગાયત્રી યજ્ઞ માં બેસવાનો લાભ મળ્યો. અને યજ્ઞ વિધી કરી ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજનો હરેશભાઈ જાની, બળવંતભાઈ રવૈયા એ ગાયત્રી યજ્ઞ કરાવ્યો.સારહી પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

# ભારતની એકતાનાં પ્રતિક સરદાર પટેલની ૧૪૮મી જન્મજયંતિએ અનેરો કાર્યક્રમ


# ચમારડી ખાતે આજે ''વલ્લભ'' નામધારી ૧૪૮ વ્યકિતઓનું સન્માન

**સમૂહલગ્નનાં પ્રણેતા અને સમાજ સેવક ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલિત અર્પણ કરાશે**

**ગત જન્મજયંતિએ સરદાર પટેલની ગામે ગામ સ્થાપના કરનાર ભામાશા આ વર્ષે નવતર રીતે ઉજવણી કરશે**

**સરદાર પટેલનાં કાર્યો અને સંદેશથી સમગ્ર દેશવાસીઓને પ્રેરણા લેવા અનુરોધ કર્યો**

**ગાગર જેવડા ચમારડી ગામે આજે સાગર જેવો કાર્યક્રમ યોજાઈ રહ્યો હોય રાજકીય, સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે**





અમરેલી, તા. ૩૦

દેશની આઝાદીનાં લડવૈયા, એકતાનું પ્રતિક અને પ્રથમ નાયબ પ્રધાનમંત્રી સરદાર પટેલની આવતીકાલ ૩૧ ઓકટોબરનાં રોજ ૧૪૮મી જન્મજયંતિ હોય સમગ્ર દેશમાં સરદાર પટેલની જન્મજયંતિની ઉજવણીની તડામાર તૈયારીઓ વચ્ચે બાબરાનાં ચમારડી ગામે સમાજસેવક ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા ધ્વારા ''વલ્લભ'' નામધારી વ્યકિતઓનું વિશિષ્ઠ સન્માન કરીને સરદાર પટેલની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી હોય સમગ્ર પંથકમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

બાબરાનાં ચમારડી ગામનાં વતની અને સુરત સ્થિત ભામાશાએ સરદાર પટેલની ગત વર્ષે જન્મજયંતિની ઉજવણી નિમિત્તે અંદાજિત ૧૫૦ ગામોમાં સરદાર પટેલની પ્રતિમાની સ્થાપના કરી હતી અને આવતીકાલે તેઓ બાબરા, લાઠી,

**અનુસંધાન પાના ૬ ઉપર**


## સન્માનીય ''વલ્લભ'' નામના વ્યકિતઓની યાદી

**નડાળા :** વલ્લભભાઈ ભીમજીભાઈ પરવાડિયા, વલ્લભભાઈ કેશવભાઈ ગુમશના, વલ્લભભાઈ નાગજીભાઈ બોઘાણી, વલ્લભભાઈ મોહનભાઈ કોટડીયા, **લોનકોટડા :** વલ્લભભાઈ અરજણભાલ ગજેરા, વલ્લભભાઈ જીવરાજભાઈ વિરડીયા, વલ્લભભાઈ મોહનભાઈ વિરડીયા, વલ્લભભાઈ ડાયાભાઈ રામાણી, વલ્લભભાઈ ટપુભાઈ શતાણી, **ગરણી :** વલ્લભભાઈ જીણાભાઈ લિંબાશિયા, વલ્લભભાઈ મનજીભાઈ સનીયારા, **પાનસડા :** વલ્લભભાઈ નાનજીભાઈ સતાણી, **વલારડી :** વલ્લભભાઈ દેવરાજભાઈ દેત્રોજ, વલ્લભભાઈ ભાદભાઈ રામાણી, વલ્લભભાઈ કેશવભાઈ રાછડિયા, વલ્લભભાઈ અમરશીભાઈ રાછડિયા, વલ્લભભાઈ બેચરભાઈ કાવઠીયા, વલ્લભભાઈ નારણભાઈ દેઢળિયા, વલ્લભભાઈ કુરજીભાઈ રજોડિયા, વલ્લભભાઈ ઉમેશભાઈ પરમાર, **વાવડી :** વલ્લભભાઈ રણછોડભાઈ શીંગાળા, વલ્લભભાઈ રામજીભાઈ કોલડિયા, વલ્લભભાઈ અરજણભાઈ કોલડિયા, વલ્લભભાઈ જેઠાભાઈ કોલડિયા, વલ્લભભાઈ પરસોતમભાઈ ભાખર, વલ્લભભાઈ ગોભરભાઈ કોલડિયા, વલ્લભભાઈ હરિભાઈ રાદડિયા, **જીવાપર :** વલ્લભભાઈ હીરાભાઈ વિરડીયા, વલ્લભભાઈ ભવાનભાઈ કોલડિયા, **ચરખા :** વલ્લભભાઈ સવજીભાઈ ભાયાણી, વલ્લભભાઈ સવજીભાઈ કુંભાણી, વલ્લભભાઈ નારણભાઈ કુંભાણી, વલ્લભભાઈ પોપટભાઈ કાનાણી, વલ્લભભાઈ ટપુભાઈ શિયાણી, વલ્લભભાઈ ગોરધનભાઈ રૂપારેલિયા, **રાંદલ દડવા :** વલ્લભભાઈ જીવરાજભાઈ મોવલિયા, વલ્લભભાઈ રામજીભાઈ મોવલિયા, **કુંવરગઢ :** વલ્લભભાઈ ગગજીભાઈ ભાયાણી, વલ્લભભાઈ પરષોતમભાઈ વિરોજા, વલ્લભભાઈ બોવાભાઈ કાવઠીયા, વલ્લભભાઈ નાગજીભાઈ પલસાણા, **ધરાઈ :** વલ્લભભાઈ ભગવાનભાઈ સતાણી, વલ્લભભાઈ ખીમજીભાઈ સતાણી, વલ્લભભાઈ અરજણભાઈ કોળી, વલ્લભભાઈ કોળી, **કોટડા પીઠા :** વલ્લભભાઈ રામાણી, વલ્લભભાઈ ગજેરા, વલ્લભભભાઈ સતાણી, વલ્લભભભાઈ કાપડીયા, વલ્લભભાઈ ચોવટીયા, વલ્લભભાઈ રાઠાણી, વલ્લભભાઈ રાદડિયા, વલ્લભભાઈ વાઢેર, વલ્લભભાઈ પરમાર, વલ્લભભાઈ કુંભાર, વલ્લભભાઈ બકાલી, **ફૂલઝર :** વલ્લભભાઈ પોસિયા, **ગળકોટડી :** વલ્લભભાઈ બચુભાઈ ઓડિયા, વલ્લભભાઈ વશરામભાઈ ભાટિયા, **ઘુઘરાળા :** વલ્લભભાઈ બચુભાઈ રૂડકિયા, વલ્લભભાઈ ગાગજીભાઈ ગોહિલ, વલ્લભભાઈ ખોડાભાઈ મકવાણા, વલ્લભભાઈ ગોવિંદભાઈ કટકિયા, વલ્લભભાઈ વિઠ્ઠલભાઈ વાગડીયા, વલ્લભભાઈ શંભુભાઈ મુગલપરા, વલ્લભભાઈ પ્રેમજીભાઈ ભાલુ, **રાવણા :** વલ્લભભાઈ મોહનભાઈ ડાભી, વલ્લભભાઈ જીવરાજભાઈ વઘાસીયા, વલ્લભભાઈ છગનભાઈ વઘાસીયા, **ચમારડી :** વલ્લભભાઈ ગોકળભાઈ મગતરપરા, વલ્લભભાઈ કાનજીભાઈ વસ્તરપરા, વલ્લભભાઈ કરશનભાઈ શેલ્યા, વલ્લભભાઈ મોહનભાઈ અસ્લાલીયા, વલ્લભભાઈ ગોરધનભાઈ સ્લાલીયા, વલ્લભભાઈ આંબાભાઈ પ્રજાપતિ, વલ્લભદાસ બાપુ ગોંડલિયા, વલ્લભભાઈ ટપુભાઈ ધોળકિયા, **ગમા પીપળીયા :** વલ્લભભાઈ રાઘવભાઈ વિરાણી, વલ્લભભાઈ ખોડાભાઈ સોલંકી, વલ્લભભાઈ ખોડાભાઈ મકવાણા, વલ્લભભાઈ જીવરાજભાઈ પટોળિયા, વલ્લભભાઈ દેવરાજભાઈ પંભર, **દેવગામ :** વલ્લભભાઈ ગોવિંદભાઈ રાદડિયા, વલ્લભભાઈ માવજીભાઈ શિરઠીયા, વલ્લભભાઈ બચુભાઈ ડાભી, **મોટા દડવા :** વલ્લભભાઈ કુરજીભાઈ રાદડિયા, વલ્લભભાઈ દુદાભાઈ ભૂવા, વલ્લભભાઈ ભગવાનભાઈ અંટાળા, વલ્લભભાઈ ભીમજીભાઈ ચોથાણી, વલ્લભભાઈ વાલજીભાઈ લીંબાસીયા, વલ્લભભાઈ બેચરભાઈ પંસેરિયા, **ઉંટવડ :** વલ્લભભાઈ શંભુભાઈ સાવલિયા, વલ્લભભાઈ નરશીભાઈ પડશાલા, **જસદણ :** વલ્લભભાઈ ખાખરિયા, વલ્લભભાઈ લાડોલા, વલ્લભભાઈ રાદડિયા, વલ્લભભાઈ વેલજીભાઈ, વલ્લભભાઈ લખમણભાઈ હિરપરા, વલ્લભભાઈ પરષોતમભાઈ રૂપારેલિયા, વલ્લભભાઈ પરષોતમભાઈ સાયાની, **દરેડ :** વલ્લભભાઈ પરષોતમભાઈ કાશોદરિય, વલ્લભભાઈ નારણભાઈ કાશોદરિય, વલ્લભભાઈ ભાચુભાઈ ગોહિલ, **લાઠી :** વલ્લભભાઈ માધાભાઈ કોટડીયા, વલ્લભભાઈ સમજીભાઈ મેંદપરા, વલ્લભભાઈ દેવરાજભાઈ ડોબરીયા, વલ્લભભાઈ દેવશીભાઈ લાડોલા, **નાની કુંડળ :** વલ્લભભાઈ રાઘવભાઈ રાઠોડ, વલ્લભભાઈ ડાયાભાઈ રાઠોડ, વલ્લભભાઈ ઉકાભાઈ રાઠોડ, વલ્લભભાઈ ધરમશિભાઈ ભાલીયા, વલ્લભભાઈ વિરજીભાઈ વનોડિયા, વલ્લભભાઈ કાળુભાઈ તાવિયા, વલ્લભભાઈ કુરાભાઈ વાઘેલા, વલ્લભભાઈ મકાનભાઈ જમોડ, વલ્લભભાઈ લક્ષ્મણભાઈ મકવાણા, વલ્લભભાઈ આદુલભાઈ કટારીયા, વલ્લભભાઈ રવજીભાઈ વનાળીયા, વલ્લભભાઈ સામજીભાઈ મેર, **ખંભાળા :** વલ્લભભાઈ પંચભાઈ મકવાણા, વલ્લભભાઈ મખભાઈ આહલગમી, વલ્લભભાઈ વિઠ્ઠલભાઈ જાદવ, **ઈશ્વરીયા :** વલ્લભભાઈ જયદીપભાઈ ગિલાની, **કીડી :** વલ્લભભાઈ ઉકાભાઈ ઝાપડીયા, વલ્લભભાઈ પરષોતમભાઈ સર્વાળીયા, **શિરવાણીયા :** વલ્લભભાઈ ઘોહાભાઈ જતાપરા, વલ્લભભાઈ સામતભાઈ લડાનીયા, **કરિયાણા :** વલ્લભભાઈ લાખાભાઈ મેળાસીયા, વલ્લભભાઈ બચુભાઈ વાઘેલા, વલ્લભભાઈ ભીખાભાઈ ગોહિલ, વલ્લભભાઈ ભાણાભાઈ સાકરીયા, વલ્લભભાઈ લાલજીભાઈ સોસા, વલ્લભભાઈ છગનભાઈ જતાપરા, વલ્લભભાઈ પોપટભાઈ મકવાણા, **સુખપુર :** વલ્લભભાઈ બેચરભાઈ શિયાળ, વલ્લભભાઈ સોમાભાઈ ઝાપડિયા, વલ્લભભાઈ સવાભાઈ ઝાપડિયા, વલ્લભભાઈ ધીરૂભાઈ જાદવ, વલ્લભભાઈ દેવરાજભાઈ બારૈયા, વલ્લભભાઈ મોહનભાઈ સોસા, વલ્લભભાઈ માવજીભાઈ બારૈયા, વલ્લભભાઈ જીણાભાઈ ઝાપડિયા, વલ્લભભાઈ કુરજીભાઈ સકલિયા, **સુકવડા :** વલ્લભભાઈ શામજીભાઈ કટેસિયા, વલ્લભભાઈ અરજણભાઈ સરળિયા, વલ્લભભાઈ માનસિંહગભાઈ રાઠોડ, વલ્લભભાઈ નાનજીભાઈ ગાંડોલિયા, **લાલકા :** વલ્લભભાઈ ધનાભાઈ રાઠોડ, વલ્લભભાઈ કુરજીભાઈ રાઠોડ, વલ્લભભાઈ નાનજીભાઈ મકવાણા, **બળેલ પિપરીયા :** વલ્લભભાઈ જીવરાજભાઈ સોરઠીયા, **મોટા દેવળીયા :** વલ્લભભાઈ મગનભાઈ મુલ્સાનીયા, વલ્લભભાઈ શંભુભાઈ કાનાણી, **વાવડા :** વલ્લભભાઈ કરમશિભાઈ ભાયાણી, વલ્લભભાઈ ઝવેરભાઈ રામાણી, વલ્લભભાઈ ગોબરભાઈ જાદવ, **મોણપર :** વલ્લભભાઈ ધાનાણી, વલ્લભભાઈ વશોયા, **થોરખાણ :** વલ્લભભાઈ નરશીભાઈ પાનસુરીયા, વલ્લભભાઈ દેવશીભાઈ સાકરીયા, વલ્લભભાઈ બચુભાઈ વાઘેલા, વલ્લભભાઈ બચુભાઈ સોજીત્રા, **બાબરા :** વલ્લભભાઈ સવજીભાઈ મયાત્રા, વલ્લભભાઈ કરેટીયા, વલ્લભભાઈ વામજા





Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
પોતાના માટે 'રીયલ' બની જાવ, બીજાના માટે આપો આપ 'રોયલ' બની જશો
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 9555811166


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)